ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251
99789-26251

### સલામી સવારની..

*છે પરાકાષ્ઠા પ્રચારે, ધાકધમકીનું જોર છે,*
*હાથ જોડી ફરતા-સફેદ ઠગો કાળા ચોર છે.*
*નમ્રતાના તોરમાં અત્યારે મનમાં છે તુમાખી -*
*ફેલાવે વચનોની મહેક, મૂળમાં તો થોર છે...*
*(તમારા ઉમેદવારને ઓળખી લેજો!)*

### હાઈકુ

*દારૂ ગોદામો -*
*નાણાંની હેરફેર,*
*લ્યો! મુક્ત મત...*

*ચઢે ઉતરે -*
*અર્થતંત્રનો ગ્રાફ -*
*આજ્ઞાનુસાર...*

### ચિંતન

*આસ્રાવયેચ્ચોપચિતાન્, વિપર્યસ્યેચ્ચ કર્મસુ ।*
*યથા ન ભક્ષયન્તર્થં ભક્ષિતં નિર્વમન્તિ વા ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

આર્થિક બાબતોમાં ગરબડ કરનાર અધિકારીઓ અને કર્મચારીઓ વિશે ખબર પડે જો એમના પર લગાવેલો આરોપ સિદ્ધ થાય તો (રાજાએ) તેમનું પદ તો પડાવી જ લેવું જોઈએ સાથે એમની બધી સંપત્તિ પણ પડાવી લેવી જોઈએ.

ચાણક્યનું કહેવું છે કે જો આ રીતે ગરબા કરતાં કોઈ અધિકારી પકડાઈ જાય અને એના પર લગાવેલો આરોપ કાયદેસર રીતે સાબિત પણ થઈ જાય તો તરત જ તેનું પદ પડાવી લેવું જોઈએ. કારણ કે ભ્રષ્ટ પદાધિકારી રાજની તિજોરીના ધનનો ચોર છે. આપણે ત્યાં અને બધે જ ચોરીને મહા અપરાધ ગણવામાં આવ્યો છે. જો મુખ્ય અધિકારી જ ભ્રષ્ટ હશે તો તેના હાથ નીચેના અધિકારીઓ પણ ભ્રષ્ટ થશે. પરિણામે નાણાની તો ચોરી થશે જ, કર્મચારી પણ ભ્રષ્ટ થશે. વળી કટકી થતા ખોટ પડતાં જે તે કામની ગુણવત્તા ઉપર પણ અસર પડશે.

ભ્રષ્ટાચાર સામે આંખમીચામણાં કરવાથી તો ભ્રષ્ટાચાર વકરશે. આથી ભ્રષ્ટ અધિકારીને દંડિત કરી દાખલો બેસાડવો જોઈએ.

### સુવિચાર

- પેગંબરો ઈતિહાસની બહાર રહીને ઈતિહાસ સર્જે છે - **રાધાકૃષ્ણન્**
- 'ઈન્સાનિયત' એ મોટામાં મોટી ગૌરવપ્રદ પડવી છે - **ભૂપત વડોદરિયા**
- ઈશ્વર બધે છે, પણ આખે રસ્તે સંપ્રદાયોની ઝાડી એવી ઊગી નીકળી છે કે ઈશ્વર એમાં છંકાઈ ગયો છે - **અખંડ આનંદ**
- છુપાયા બે જણા છે આ માનવીના શરીરમાં, એક શત્રુ, બીજો મિત્ર - આળસ અને ઉદ્યમ - **ગુણવંત શાહ**
- આગથી બીઓ તેમ દુષ્કર્મોથી બીઓ - **તિરુલ્લુવર**
- તમારા બાળકો પ્રામાણિક થવાનું શીખે એ કેળવણીની શરુઆત છે - **જહોન રસ્કિન**
- આજનું ઔષધ : અરણીના પાનનો ઉકાળો શીતળા, ઓરીમાં ફાયદો કરે છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

બુલબુલના અવાજની આબેહુબ નકર કરી શકનાર કલાકાર ગ્રીસના રાજા પાસે ગયો. દરબારમાં તેણે પોતાને મલેલા પ્રશંસાપત્રો, મેડલ વગેરે રાજાને બતાવ્યા અને પોતાની કળા પ્રદર્શિત કરવાની પરવાનગી માંગી. બાદશાહે બહુ રસ ન દાખવ્યો.

થોડીવાર પછી બાદશાહે કહ્યું, 'તમે કલાકાર છો. એ વાતે મને ખુશી છે, પણ તમારી આ કળાનું મારે મન કોઈ મૂલ્ય નથી. મારા મહેલમાં આવેલા બગીચામાં હું રોજ બુલબુલ તથા અન્ય પક્ષીઓનો કલરવ જીવંત સાંભળું છું. મારી દૃષ્ટિએ તમે ખોટી કળા હાંસલ કરીને જીવનના અમૂલ્ય વર્ષો ગુમાવ્યા છે.'

કલાકારને રાજાનો જવાબ સાંભળી આઘાત લાગ્યો. તેણે હિંમત કરીને રાજાને પૂછ્યું, 'મહારાજ આપ મારી પાસે કઈ કળાની અપેક્ષા રાખો છો?'

રાજાએ કહ્યું, 'તમે માનવી છો, તો માનવીની ભાષામાં જ એવું કોઈ ગીત ગાઈ બતાવો, જે સાંભળીને મન પ્રસન્ન થઈ જાય. તમે જેના માટે પેદા થયા છો એવું કોઈ ગીત ગાઈ સંભળાવો જે સાંભળીને મન પ્રસન્ન થઈ જાય. જેમાં તમારો ઉત્સાહ ઉમળકો વર્તાય, તમારા હૃદયના ભાવ આ મહેલમાં બેઠેલા દરેકના હૃદય સુધી પહોંચે એવું ગાઈ બતાવો તો હું તમારી કદર કરીશ. એવી અસલી ચીજ મને ગમશે.' આ સાંભળી કલાકારની આંખ ઉઘડી ગઈ.

# આંતરિક લોકશાહીના દાવા હાસ્યાસ્પદ

**તંત્રીસ્થાનેથી...**

શહજાદ પૂનાવાલા પોતાને રાહુલ ગાંધીના સંબંધી તરીકે ઓળખાવે છે અને કોંગ્રેસ પ્રમુખની ચૂંટણી બાબતે વિદ્રોહનો બૂંગિયો ફૂંકી 'લાઈમ લાઈટ' માં આવ્યા છે. એમણે ઉઠાવેલા અવાજ પાછળ ભાજપ કે અન્ય કોંગ્રેસ વિરોધી પરિબળોનો છૂપો ઈશારો હોય તો પણ એમની વાતમાં વજૂદ તો છે જ. અલબત્ત, કોંગ્રેસ હોય કે અન્ય કોઈ રાજકીય સંગઠન - એમાં ચૂંટણી તો માત્ર કર્મકાંડ જ બની રહેલ છે. પ્રમુખ વગેરે સર્વોચ્ચ પદો પૂર્વ નિર્ધારિત હોય છે અથવા પ્રભાવશાહી નેતા પ્રમુખના ઉમેદવાર તરીકે પોતાના વફાદાર કાર્યકર્તાને જ નૉમિનેટ કરે છે. આ 'સત્ય' કડવું છે પણ ભારતની તમામ રાજકીય પાર્ટીઓને સરખી રીતે લાગુ પાડી શકાય એમ છે. અપવાદરુપ હશે તો કદાચ ડાબેરી પક્ષો જ છે. રાહુલ ગાંધીની તાજપોશી તો ઘણાં વર્ષો થઈ શકે એમ હતી. ખુદ રાહુલ જ એ સર્વોચ્ચ પદ પોતે હજી લાયક નહીં હોવાનું ફીલ કરતા હતા અને એ પદ સ્વીકારવાનું ટાળતા હતા. ભારતીય જનતા પાર્ટીનો સુવાંગ કબજો વડાપ્રધાન નરેન્દ્ર મોદી હસ્તક આવ્યો ત્યારે રાજનાથસિંહ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા. એમને કૅબિનેટમાં 'નંબર ટુ' ના સ્થાને બેસાડી અધ્યક્ષપદેથી રિટાયર કરી દેવાયા કારણ કે પ્રમુખ બહારનો અને પ્રભાવશાળી નેતા હોય તો તે સત્તાનું બીજું સમાંતર કેન્દ્ર બની જવાની શક્યતા રહેતી હોય છે. મોદી આ મુદ્દે ભૂલ થાપ ખાય એવા નેતા નહોતા. એટલે એમણે ગુજરાતના પોતાના વિચક્ષણ અને વફાદાર સાથીને એ સ્થાન પર બેસાડી દીધા હતા. દેખીતું છે કે કહેવાતાં લોકશાહી ધોરણોમાં વિશ્વાસ ધરાવતી ભાજપ જેવી પાર્ટીને આખા હિંદુસ્તાનમાં રાષ્ટ્રીય અધ્યક્ષ માટે ગુજરાત બહારના નેતા સ્વીકાર્ય નહોતા ! સહજાદે 'શાહજાદા'ને પડકાર્યા એમ ભાજપના કોઈ કાર્યકર મોદીને આ મુદ્દે પડકારી શક્યું નથી કારણ કે પાર્ટીને એમનામાં જ 'તારણહાર' દેખાતો રહ્યો છે. એ જ રીતે કોંગ્રેસના લાખો કાર્યકર્તાઓને નહેરુ-ગાંધી પરિવારની વ્યક્તિ જ પાર્ટીનું સુકાન સંભાળી શકે એવી ગ્રંથિ પીડતી રહી છે. નહેરુ ગાંધી પરિવાર પાસે એક ભવ્ય પરંપરા છે, બલિદાનનો ઊજળો ઈતિહાસ છે. વળી એનો વૈશ્વિક પ્રભાવ છે એની પણ ના કઈ રીતે પાડી શકાશે ? નહેરુએ કયારેય ઈંદિરાજીને પોતાનું અનુગામી તરીકે મૂકવાનું નહોતું વિચાર્યું. એમના સમયગાળામાં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પણ કોઈ ને કોઈ બીજા રાજયના કહેતા. આપણા ઉછ્રંગરાય ઢેબર પણ કયારેક ઑલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ હતા તે શું સૂચવે છે? એમની અધ્યક્ષતાવાળી કોંગ્રેસમાં ઈંદિરા ગાંધી યુવા કોંગ્રેસનાં સુકાની હતાં પણ પાર્ટીના નિર્ણયો તો વરિષ્ઠ નેતાઓ જ કરતા. કયારેક કે. કામરાજ જેવા ખુદ્દાર દક્ષિણી નેતા કોંગ્રેસના સુકાની હતા અને એમણે ઉંમરલાયક નેતાઓને મંત્રીપદ છોડી સંગઠન સંભાળવા રવાના દીધા હતા. અલબત્ત, કોંગ્રેસમાં આ સર્વાશ્લેષી નેતૃત્વ ઈંદિરા ગાંધીના એકહથ્થુ શાસનકાળમાં જ સમાપ્ત થઈ ગયું અને પછી તો જે રીતે અત્યારે તમામ રાજકીય પક્ષોમાં એક જ સત્તા કેન્દ્રનો મહિમા રહ્યો છે એવી પ્રણાલિકા આરંભાઈ. એ પરંપરા રાજીવ ગાંધીના અકાળ અવસાન પછી વખત પૂરતી તૂટી ખરા, પરંતુ સીતારામ કેસરી જેવા પ્રભાવહીન પ્રમુખને આખરે દૂર કરવા જ પડ્યા અને રાજકારણથી સલામત અંતર રાખતા સોનિયા ગાંધીને કરગરી વગરીને પ્રમુખપદ સોંપવું પડ્યું. કોંગ્રેસ પાસે શક્તિશાળી નેતાઓનો તોટો નહોતો, દરેક રાજયમાં એકાદ બે એવા નેતા હતા જે રાષ્ટ્રીય પ્રમુખ તરીકે શોભે એમ હતા. પણ ન તો એવા કોઈ નેતાને વ્યાપક સમર્થન મળ્યું કે ન કોઈએ સહજાદ જેવો પડકાર ફેંકવાની હિંમત કરી. હાલ રાહુલ ગાંધીની યંગ બ્રિગેડના સભ્ય જિતિન પ્રસાદના પિતાએ પ્રમુખ પદની ઉમેદવારી જરૂર કરેલી પણ એ બૂરા હાલે હારી ગયા હતા. શહજાદનો મુદ્દો સાચો છે પણ એ વહેવારું નથી. વળી તે પોતાને સીધો સરદાર સાથે સરખાવે છે ત્યારે તો હાસ્યાસ્પદ જ લાગે છે. ગાંધીજીએ સુભાષચંદ્ર બોઝને કોંગ્રેસ પ્રમુખની ચૂંટણીમાં મળેલા વિજયને પોતાની નૈતિક હાર ગણાવી હતી. આખરે ચૂંટાયેલા સુભાષબાબુને કોંગ્રેસ પ્રમુખ પદ પરથી રાજીનામું આપવું પડેલું તે પણ કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક લોકશાહીની વાત કરતા હોય વડાપ્રધાનને યાદ હોવું જોઈએ!

# બાળકોમાં સંસ્કારનું સિંચન મા-બાપથી ઉત્તમ અન્ય કોઈ ન કરી શકે

## અદબ-પલાંઠી મોં પર આંગળી



ડૉ. સંતોષ દેવકર

'બે આખી ટિકીટ આપો.'

'અરે, પણ તમારું બાળક તો નાનું છે. એની અડધી ટિકીટ લેશો તો પણ ચાલશે.'

'ના, મારે બે આખી ટિકીટ જ જોઈએ.' તેણે દૃઢતાપૂર્વક કહયું.

વડોદરાના એક મેળામાં બાળકોને લઈને હું પણ ગયો હતો. એક માણસ પોતાના બાળકને લઈને મારી આગળ ટિકીટ લેવા માટે લાઈનમાં ઊભો હતો. હું તેના મેલા-કપડાં જોઈને થોડુક અંતર રાખીને ઊભો રહયો. બાળકે તેના પપ્પાનો હાથ પકડી રાખ્યો હતો. મેળામાં રાઈડસ પર બેસવાની હોંશ તેના ચહેરા પર ચમકતી હતી. તેનું ધ્યાન સામેના મેદાનમાં જૂદી જૂદી રાઈડસ પર વારંવાર જતું હતું. ટિકીટ વિન્ડોમાં એ માણસને વાર લાગી એટલે બારી પાસે મેં ડોકિયું કર્યું, તો ત્યાં ટિકીટ આપનાર સાથે આ ભાઈ રકઝક કરતાં હતા. મને એ માણસ પ્રત્યે ભારે સૂગ ચડી.

'બાળક કેટલા વર્ષનું છે ?' ટિકીટ કાઉન્ટર પરના માણસે પૂછયું. 'બાર વર્ષ.' 'તો એક કામ કરો, હું તમને એક આખી અને એક અડધી ટિકીટ આપું છું.કોઈ પૂછે તો કેજો કે અગિયાર વર્ષનો છે.' 'ના,... મારે તો બે આખી ટિકીટ જોઈએ.' પોતાની વાત સાથે એ માણસ મકકમ રહયો. 'અરે, ભલા માણસ, તમારા પૈસા બચાવવા માગું છું.' 'ના... બે આખી ટિકીટ જ આપો.' 'તમે જરા, સમજો, કોઈને ખબર નહિ પડે.' 'મારા બાળકને તો ખબર પડશે જ.' માણસ ગરીબ હતો. દીકરાને મેળામાં રાઈડઝમાં બેસાડવાનો હતો. ટિકીટ મોંઘી હતી. બાર વર્ષના દીકરાની આખી ટિકીટ લઈને તેણે કાઉન્ટર પરના માણસને સણસણતો જવાબ આપી દીધો. બાળકો હંમેશા પોતાના માતા-પિતાના વર્તન અને વ્યવહારને ઓબ્ઝર્વ કરતાં હોય છે. જો એ માણસે દોઢ ટિકીટ લીધી હોત તો તેના બાળક પર એક કાયમી છાપ પડી જાત કે ખોટુ બોલીને પૈસા બચાવી શકાય છે. પૈસા બચાવવા માટે જુઠ્ઠું બોલવું જરૂરી છે. હવે મારી સ્થિતિ કફોડી થઈ હતી. મને શરૂઆતમાં એ માણસ પ્રત્યે જે સૂગ હતી હવે તેના પ્રત્યે માન ઉપજયું.

આ માણસે જે પ્રયોગ સત્યનો કર્યો અને મને જે જ્ઞાનનું ભાન કરાવ્યું તે ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચવાથી પણ નહોતું થયું. પોતાનું બાળક ખોટું બોલતા ન શીખે તે માટે તેણે કેટલું ધ્યાન રાખ્યું હતું ! 'મારા બાળકને તો ખબર પડશે જ.' આ વાકય મારા દિલો-દીમાગમાં છવાઈ ગયું હતું.

મારા પેરેન્ટીંગના સેમિનારનો આ માણસ હીરો બની ગયો. મૂલ્યોના જતન માટે ઈસ્ત્રીવાળા ટાઈટ કપડાંની જરૂર નથી, હૃદયનાં સત્યની જરૂર છે. બાળકોમાં સંસ્કારનું સિંચન મા-બાપથી ઉત્તમ અન્ય કોઈ ન કરી શકે. એક હાથમાં ટિકીટ અને બીજા હાથે બાળકનો હાથ પકડીને જતાં એ માણસને હું હૃદયનાં ઉત્તમ અહોભાવ સાથે જોઈ રહયો હતો. હું મનોમન એને વંદન કરી રહયો. મારું મેળામાં જવું સફળ રહયું. મારા હૃદયમાં એક અન્ય મેળાએ આકાર લઈ લીધો હતો. કંઈ કેટલાય દિવસો સુધી આ વાકય ચકડોળની જેમ મારા મનમાં ફરતું રહ્યું. 'મારા બાળકને તો ખબર પડશે જ.'

**મિસરી**

''મોહપાશના બંધનોમાં ઘરવખરી વેરવિખેર છે, તડકે સૂકવવા મૂકેલ
લેંઘાનું નાડું ચાંચમાં લૈ ચકલી હિંચકે છે.
એ જોઈનેહું વામકુક્ષીમાં વ્યસ્ત.''

- ડૉ. પિનાકીન પંડયા.

- santoshdevkar03@gmail.com

# હમને ભી સોકર દેખા હૈ, નયે પૂરાને શહરો મેં, જૈસા ભી હૈ અપને ઘર કા બિસ્તર અચ્છા લગતા હૈ...

## વિચારયાત્રા



ડૉ. જય ઓઝા

વ્યક્તિ ગમે તેટલા સિદ્ધિના સોપાન સર કરે, કામમાં ગળાડૂબ કરે પણ આખરે તો તે જયાં સુધી એના માળામાં પાછો ન આવે ત્યાં સુધી એને જંપ વળતો નથી, આ આપણા બધાનો સાર્વત્રિક અનુભવ છે, ધરતીનો છેડો ઘર, આમ તો પૃથ્વી ગોળ છે પણ ઘર એક એવો ખૂણો છે જયાં આવીને શાંતિ મળે છે. દરેક વ્યક્તિ એક પ્રકારની અસલામતીથી પીડાતો હોય છે, એ પછી અમેરિકાના રાષ્ટ્રપતિ બુશ હોય, બિનલાદેન હોય કે મારા - તમારા જેવા સામાન્ય માણસો હોય અને આ અસલામતીથી બચવા વ્યક્તિ સતત કોઈ હૂંફની ઝંખના કરતો રહે છે, સંતાન તેના માતા-પિતા અને તેના ઘરમાં આવી હૂંફની લાગણી મેળવીને સલામતી મેળવવા પ્રયત્ન કરે છે, તો પરિવારનો માતા-પિતા તેના પત્ની તેના બાળકોના હાસ્ય તેમના પ્રેમ અને આત્મીયતામાં આખો થાક દિવસનો થાક ઓગળતો અનુભવે છે.

ગોવા જેવું સુંદર રમણીય સ્થળ હોય, ફાઈવ સ્ટાર હોટલનો આલીશાન રૂમ હોય, એ.સી. ટી.વી, નયનરમ્ય પ્રાકૃતિક દશ્યો હોય, રોયલ સર્વિસ હોય, સ્વાદિષ્ટ ભોજન મળે, જેને સાંભળીને ડાયાબિટીસ થઈ જાય તેવા સુગર કોટેડ અવાજ ધરાવતી રિસેપ્શનિસ્ટ અભિવાદન કરતી હોય, 'જી'સાબવાળા જીહજુરીયા વેઈટર વારે-વારે તમારા અહમને પોષતા હોય, છતાં પણ આપણે કેમ બે-ચાર દિવસથી વધુ હોટલમાં રોકાતા નથી? ઘર જ સાંભરે છે ને ! કારણ કે ત્યાં રિસેપશનિસ્ટનું દંભી સ્મિત હોય છે, ઘર જેવો પ્રેમાળ આવકાર નથી હોતો, ત્યાંની રોયલ સર્વિસ પાછળ બિલનું ગાડુ ગબડતું આવવાનું હોય છે, વેઈટરની જીહજુરી પાછળ 'ટીપ'ની અપેક્ષાનું બોર્ડ હોય છે. સ્વાદિષ્ઠ ભોજન હોય છે, પણ ઘરની મીઠાશ નથી હોતી કે આંગળા ચાટી જઈએ, એ.સી. છે પણ ઘરની ટાઢક નથી, ઘરની હૂંફ ગરમીમાં એ.સી.ની અને શિયાળામાં હિટરની ગરજ સારે છે.

હમને ભી સોકર દેખા હૈ, નયે પૂરાને શહરો મેં
જૈસા ભી હૈ અપને ઘર કા બિસ્તર અચ્છા લગતા હૈ...

- નિદા ફઝલી

મકાન અને ઘરની વ્યાખ્યા અલગ છે. મકાન, ઈંટ, રેતી, કપચીથી ૬-૧૨ મહિનામાં બની જાય પછી અટકી જાય છે. પરંતુ ઘર તો પ્રેમ, આત્મીયતા, પ્રમાણિકતા, લાગણી આ બધા ટેકાની બુનિયાદ પર ઊભું રહે છે, અને ત્યારબાદ જીવનની નાની-નાની ક્ષણો રોજ - બરોજ એશિયન પેઈન્ટસના રંગોની ઉપર ઈન્દ્રધનુષનું કામ કરે છે, અને ઘર બનવાની પ્રક્રિયા રોજ બને છે, નાના-નાના પ્રસંગો, આનંદદાયક પળો, દુઃખદ સમાચાર આ બધી બાબત આ નિર્જીવ મકાનમાં પ્રાણ પૂરીને મકાનને ઘરમાં પરિવર્તિત કરે છે.

મકાનને ઘર બનાવે છે, માની મમતા, પિતાનું વાત્સલ્ય અને બાળકોનો કિલકિલાટ. આખો દિવસ ઘરની બહાર વ્યક્તિ જાત-જાતના ને ભાત-ભાતના સાચા-ખોટા, સારા-ખરાબ, દંભી-કપટી લોકો સાથે પનારો પાડીને ઘરે આવે છે ત્યારે ખરા અર્થમાં તેનો 'સ્વ' સાથે પરિચય થાય છે અને આ 'સ્વત્વ' ની ઓળખ કરાવે છે 'ઘર'. ઘરની વ્યક્તિનો ઘરનું વાતાવરણ, રોજેરોજના અપ્રમાણિક, દંભી-કપટી અને દ્વેષ રૂપી કાર્બનડાયોકસાઈડના વાયુથી પ્રદૂષિત થયેલી પોતાની જાતને, હાંફી જતા શ્વાસ અને મૂંઝાતા ફેફસાઓને ઘરમાં આવીને પરિવાર અને સ્નેહરૂપી ઑક્સિજન વડે વ્યક્તિ રિચાર્જ થાય છે.

પરંતુ આ માટેની પહેલી શરત એ છે કે ઘર એ ઘર હોવું જોઈએ, આખા દિવસના થાકેલા શરીર અને મનને સંતોષ મળવો આવશ્યક છે. પણ ઘરે આવતાં જ કજિયા અને કંકાસરૂપી વેલકમ મળે, પરિવારના સભ્યો વચ્ચેની સંવાદિયા શૂન્યતા તરફ ઢળતી જતી હોય છે, પરિવારની જવાબદારી બોજ લાગવા માંડે, અને જીવન રોજિંદુ થઈ જાય, વાત કરવાના વિષયો ન રહે, પરસ્પર સ્નેહ, ઉત્કટતા ઓછા થઈ જાય, આપણને પણ ખબર ન પડે તેમ આત્મીયતા ઓસરતી જાય.

આવી પરિસ્થિતિમાં ઘરની મજબૂત દિવાલમાં અંબૂજા સિમેન્ટથી પ્લાસ્ટર કર્યું હોવા છતાં નરી આંખે ન દેખાય તેવી પણ કોઈ દિવસ સંધાઈ ન શકે તેવી તિરાડો પડવા માંડે છે, વિશ્વાસ, પ્રેમ અને આત્મીયતાની પોપડીઓ ઉખડવા લાગે છે અને પછી ઘરમાં સંતોષ ન મળે એટલે બહાર ફાંફા મારવાની શરુઆત થાય, બહાર ફાંફા મારવા ગયા તેનો અર્થ એ થાય કે જે ઘરે મળવું જોઈતું હતું તે ઘરે ન મળ્યું.

આ બાબતનો બે રીતે વિચારવી જોઈએ, એક તો એ વ્યક્તિ કે જે બહાર ફાંફાં મારે છે તેનો આ વાંક છે જ, પણ આવું કરવાનો વિચાર આવે, બહાર જવાનું મળે, તેની જવાબદારી સામા પક્ષે પણ એટલી જ છે.

એ પણ વાસ્તવિકતા છે કે ઘરે સંતોષ ન મળ્યો, તેમાં કદાચ પોતાને સંતોષ લેતાં ન આવડ્યું હોય, સામા પાસેથી વધારે પડતી અપેક્ષાઓ રાખવાની ભૂલ કરી હોય, તો વળી જેની પાસેથી પ્રેમની લાગણીની અપેક્ષા રાખી હોય તેમનો પૂરતો સહકાર ન મળ્યો હોય, એ પણ સંભવ છે. આ સંદર્ભે હરિન્દ્ર દવેની આ ઉક્તિ ગળે ઉતારવા જેવી છે.

'કોઈનો પ્રેમ કદી ઓછો હોતો નથી.
આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.'

ના છૂટકે ઘરે અવાય એમ નહિ, પણ ના છૂટકે બહાર જવાય એવી સ્થિતિ જોઈએ. બધા સંબંધ સારા અને બધા કામ સારા પરંતુ આખરે તો ઘર એમ જ લાગવું જોઈએ.

ઘરને ખરેખર ઘર બનાવી રાખવાની જવાબદારી પરિવાર પ્રત્યેક સભ્યની છે, એકબીજાના સાનિધ્યમાં આપણે સ્નેહથી એકમેકની ઓળખ મેળવવાની હોય છે, પણ એક-મેકને માપવાના કે તાગવાના અથવા એકબીજાની નબળાઈ કે અપૂર્ણતાને ચૂંથવાના પ્રયત્નો છોડી દેવા, કોઈને સુધારવાના કોડ પડતા મૂકવા, અને ઘરને ઘર બનાવી રાખવામાં છેલ્લે તો પાછી એ જ વાત આવે છે - જેની આપણને ખબર છે, સમજણ નથી, થોડું જતું કરવાની વાત. આમ કરવાથી જ ઘરના બધા ટેકા સાબૂત રહી શકે છે, અને ભાવનાથી જ મકાનને ઘરમાં અને ઘરને સ્વર્ગમાં ફેરવવું શક્ય છે. અંતે પરફેકટ હોમની કલ્પના જગજીત - ચિત્રાના આ ગીત દ્વારા અનુભવવા જેવી છે.

'યે તેરા ઘર યે મેરા ઘર, કિસી કો દેખના હો ગર,
તો પહેલે આ કે માંગ લે, મેરી નજર તેરી નઝર.'
જો ચાંદની નહીં તો કયા, કી રોશની હે પ્યાર કી
દિલો કે ફૂલ ખીલ ગયે તો ફિક્ર કયા બહાર કી
હમારે ઘર ન આયેગી કભી ખુશી ઉધાર કી
હમારી રાહતો કા ઘર હમારી ચાહતો કા ઘર
યે તેરા ઘર...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# કોઈના સપના પુરા થતા જોવાનો અનુભવ શબ્દાતીત હોય છે

## અજવાળું - અજવાળું



તુષાર જોશી

'મારે ડૉકટર થવું છે.' તેજલ શંકરભાઈ સંગાડાએ કહ્યું... ત્યાં વળી બાજુમાં બેઠેલી મિનાક્ષી ભરતભાઈ ડામોર કહે 'મારે બહુ ભણવું છે ને પછી શિક્ષક થઈને છોકરા-છોકરીઓને ભણાવવા છે.'

આ બંનેની જેમ જ અહીં આવેલા શબનમ શેખ, રાહીલ જીવા, આયેશા ગાંડા, પૂજા સુમરા, જીજ્ઞા સોલંકી, ઉર્વશી ગોહિલની આંખોમાં પણ એમની ઉજળી શૈક્ષણિક કારકિર્દીના સપના દેખાઈ રહ્યા હતા.

તમામ દીકરીઓ હાઈસ્કૂલથી લઈને કૉલેજ સુધીના અભ્યાસમાં જોડાયેલી છે.

અવસર હતો અમદાવાદમાં કવિતા મહેતા ફાઉન્ડેશનના લૉન્ચીંગનો. અમદાવાદ શહેરના ગણમાન્ય અતિથિઓની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવીને હિન્દી ફિલ્મોના જાણીતા અભિનેતા જેકી શ્રોફે ફાઉન્ડેશનનો આરંભ કરાવ્યો હતો. ઉપર ઉલ્લેખ કરાયો તે તમામ દીકરીઓને દત્તક લઈને એમના અભ્યાસ અને તેમની કારકિર્દી ઘડતરની જવાબદારી અહીં લેવામાં આવી હતી. ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે દાયકાઓની સુદીર્ઘ કારકિર્દી ધરાવતા જયદીપભાઈ મહેતા દ્વારા એમની પત્નીની સ્મૃતિમાં આ ફાઉન્ડેશનનો આરંભ કરાયો છે.

શ્રીમતી કવિતા મહેતા એક ઉમદા વ્યક્તિત્વ હતું. એમના જીવન પર નજર માંડતા જણાય છે કે એમણે પોતાના સપના વાવીને બીજાને રાજી કરવાનો હંમેશા પ્રયાસ કર્યો હતો. પોતાનો પરિવાર અને પછી બૃહદ સમાજને એમણે અનહદ પ્રેમ-વાત્સલ્ય આપ્યા. લાગણી અને વાસ્તવિકતાને તેઓ સંતુલિત કરી શકતા હતા. લાગણી-માહિતી અને જાણકારી - સર્જનાત્મકતા-હકારાત્મક ઉર્જાથી સભર વ્યકિત્વ અને કાર્યો રહ્યા હતા કવિતા બહેનના, એમ જયદીપભાઈ સ્મરણ કરે છે.

કવિતા મહેતા ફાઉન્ડેશન શરુ કરવા પાછળનો હેતુ પણ સમાજમાં પ્રેમ-વાત્સલ્ય- શુભત્વ-સદ્ભાવ - પોઝીટીવીટનો વ્યાપ વધે એ જ છે. વિશેષ કરીને દાતાઓના સહયોગથી આર્થિક રીતે જરૂરિયાતમંદ દીકરીઓના અભ્યાસ અને તેમની કારકિર્દી નિર્માણની જવાબદારી ઉઠાવવામાં આવશે. દીકરીઓના અભ્યાસ ઉપરાંત એમના સર્વાંગી વિકાસની ખેવના થશે. સમાજમાં સ્વતંત્ર રૂપે આર્થિક રીતે સમૃદ્ધ બને ત્યાં સુધી કાળજી લેવાશે. આ માટે વિવિધ વિષયો પરના સેમિનાર તથા તાલીમ કાર્યક્રમો પણ યોજાશે. Unite with us and See the Unseen સૂત્રને સાર્થક કરવાનો નમ્ર પ્રયાસ શરુ કર્યો છે કવિતા મહેતા ફાઉન્ડેશનને.

જયદીપભાઈના દીકરા ધ્રુવીન સમાજની જરૂરિયાતમંદ બાળકીઓના ઉજજવળ ભવિષ્ય માટે વિશેષ રસ લઈ રહ્યો છે. એમને કવિતા બહેનના મમ્મી ભાવનાબેન પરીખ અને પપ્પા જગદીશભાઈ પરીખ તથા પરિવારનો સપોર્ટ મળી રહ્યો છે.

હિન્દી ફિલ્મોમાં ચાર દાયકા કારકિર્દી ધરાવનાર ગુજરાતનું ગૌરવ એવા કલાકાર જેકી શ્રોફ પોતાની લાગણી વ્યક્ત કરતા આ પ્રસંગે કહ્યું હતું કે જયદીપભાઈ અને તેમના પરિવારે ખુબ સરસ કાર્યનો આરંભ કર્યો છે. તેમણે કહ્યું કે 'હું પોતે ઓછું બોલીને વધુ કામ કરવામાં માનું છું.' આમ કહી તેઓએ કાર્યમાં જયારે જયારે જરૂર પડશે ત્યારે ત્યારે હંમેશા સાથે રહેશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જે દીકરીઓને દત્તક લેવામાં આવી હતી તેમની સાથે સંવાદ કરીને જેકી શ્રોફે દીકરીઓને રાજી કરી દીધી હતી. દીપ પ્રગટાવતી વખતે બુટ કાઢવામા, સ્ટેજ પર વારંવાર આવતી વખતે સ્ટેજને નમન કરવામાં અને સ્ટેજ પર વેરાયેલી ગુલાબની એકાદ-બે પાંખડીઓ વીણી લેવામાં જેકી શ્રોફમાં રહેલી સરળતા અને શાલીનતાના દર્શન થયા હતા. ગાયક કલાકાર દેવાંગ પટેલે પણ કવિતા બહેનના માનવતાના ગુણોનું સ્મરણ કર્યું હતું.



સ્વજનના મૃત્યુના દુઃખમાંથી બહાર આવીને, વેદનાને પરમાર્થ માટેની સંવેદનામાં પરિવર્તિત કરવાનું પુણ્ય કાર્ય કરનારા લોકો ધન્યવાદને પાત્ર છે જનાર વ્યક્તિના આદર્શો અને અરમાનો આગળ વધારવા, સમાજના જરૂરિયાત વર્ગને સપોર્ટ કરવા એ ભાવના જયાં જયાં, જયારે જયારે જોવા મળે ત્યારે એ દિશામાં શુભવ્યનો પ્રવાહ વહે છે.

દીકરીઓને ઉચ્ચ અભ્યાસમાં મદદ કરવી, એમના સપના પુરા કરવામાં નિમિત બનવું, એમને સમાજમાં આર્થિક રીતે સધ્ધર બને અને કારકિર્દી નિર્માણ કરે તે માટે સતત હૂંફ આપવી એ ઉત્તમ કાર્ય છે અને આવું કાર્ય જયારે થાય ત્યારે આસપાસ અજવાળા રેલાય છે.

●●●

કોઈના સપના પુરા થતા જોવાનો,
ને એમનો ચહેરો આનંદતી સભર જોવાનો અનુભવ શબ્દાતીત હોય છે.